**અમદાવાદના મહે. એડિશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ (કોર્ટ નંબર – ૨૦)**
**શ્રી એસ.પી. પટેલ સાહેબ ની કોર્ટમાં, મુ. અમદાવાદ**

**ક્રિ.કેસ નં.–૧૬૬૦/૨૦૦૮**

## આંક–૧ લગત હુકમ

સદર કામનું રેકર્ડ જોતાં આ કામના ફરિયાદી ખૂબ લાંબા સમયથી હાજર રહેલા નથી કે ફરિયાદ અનુસંધાને કોઈ કાર્યવાહી કરવાની તકેદારી રાખેલ નથી. સદરહું ફરિયાદ ખાનગી ફરિયાદ છે જેથી સદર કામે હાજર રહી પોતાની ફરિયાદ અનુસંધાને જરૂરી કાર્યવાહી કરવાની જવાબદારી ફરિયાદીની છે પરંતુ ફરિયાદી હાજર રહેતા નથી અને કોઈ કાર્યવાહી કરવાની તકેદારી રાખેલ નથી. જે સંજોગોમાં ફરિયાદીને હાલની ફરિયાદ ચલાવવામાં કોઈ રસ નથી એવું સ્પષ્ટપણે જણાઈ આવે છે. જેથી સદરહું ફરિયાદ ફરિયાદીની સતત ગેરહાજરી તેમજ કોઈ કાર્યવાહી ન કરવાને કારણે ડિસમીસ કરી ફેંસલ કરવાનો તેમજ આ કામના આરોપીઓને બિનતહોમત, ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખઃ– ૧૩, માહેઃ ઓગષ્ટ, સનેઃ ૨૦૨૨માં સ્પેશિયલ સીટીગમાં વાંચી, સંભળાવીને જાહેર કર્યો.

તારીખઃ– ૧૩/૦૮/૨૦૨૨
અમદાવાદ

**(કુ.સ્મિતાબહેન પ્રકાશચંદ્ર પટેલ)**
એડિશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૨૦, અમદાવાદ.
**GJ01123**